

GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN)
JAINACHARYA SHRIMADVIJAY
YUGBHUSHANSURI
(PANDIT MAHARAJ SAHEB)

વિ.સં. ૨૦૭૮, પોષ વદ - ૧૧,
તા. 28-01-2022, શુક્રવાર.
બોરિવલી, મુંબઇ
Ref.:202201G-03

# જાહેર ખુલાસો

શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી નીલકંઠ મહાદેવ કેસની એફિડેવિટ આદિમાં શાસ્ત્રો કે કાયદાની દૃષ્ટિએ જે અસાધારણ હાનિકારક રજૂઆતો આણંદજી કલ્યાણજી પેઢી વતી કરાઈ છે, તેના સંભવિત ભાવિ નુકસાનો તટસ્થ સમીક્ષાત્મક નિવેદનો દ્વારા મેં જાહેરમાં જણાવ્યાં છે. કારણ કે તેના સિવાય બીજી કોઈ રીતે એટલે કે પત્રોનો જવાબ આપવા અથવા વ્યક્તિગત રીતે સાંભળવા, શાસનરક્ષા જેવા ગંભીર પ્રશ્ને પણ પેઢી તૈયાર હોતી નથી, તેવું ભૂતકાળના અનેક અનુભવોથી નિશ્ચિતપણે મને સમજાયું છે. ઢગલાબંધ અનુભવો એવાં થયાં છે કે, પ્રસ્તુત કેસના મુદ્દાઓ જેવાં કે તેના કરતાં પણ અત્યંત ગંભીર શાસન અને તીર્થને નુકસાનકારક બાબતોના ઉપાયો કરવાને બદલે પેઢી દ્વારા તેને દબાવી દેવાના જ પ્રયત્નો કરાયાં હોય. પ્રસ્તુતમાં પણ પેઢીએ આવા જ અનુભવોમાં એક અનુભવનો ઉમેરો કરાવ્યો છે, કેમ કે નીલકંઠ મહાદેવ કેસના જબ્બર હાનિકારક મુદ્દાઓ બાબતે મેં કરેલી મુદ્દાસર પ્રસ્તુતિના ખુલાસારૂપે પેઢી તરફથી તે મુદ્દાઓને અડ્યા વિના જ તેને 'ભ્રામક', 'ઉપજાવી કાઢેલા મુદ્દા', 'શાબ્દિક જાળ' વગેરે ટાઇટલો આપવા દ્વારા તીર્થરક્ષાના ગંભીર પ્રશ્નને જાહેરમાં પણ દબાવી દેવાનો પ્રયાસ કરાયો છે.

વાસ્તવમાં જો આણંદજી કલ્યાણજી પેઢી પોતાને જવાબદાર ગણતી હોય, પોતાની જવાબદારી સમજતી હોય તો તેના જવાબદાર ટ્રસ્ટીઓએ ધર્મચાર્યોને યોગ્ય મુદ્દાસર જવાબ આપવાની જવાબદારી અદા કરવી જ જોઇએ, પરંતુ અત્યાર સુધી પેઢીએ મને વ્યક્તિગતરૂપે કે જાહેરમાં કોઇ તેવો ખુલાસો આપ્યો નથી, જે શાસન માટે અત્યંત આઘાતજનક છે.

આ સંયોગોમાં, આચાર્ય શ્રી અજયસાગરસૂરિજી બધા ખુલાસા અને જવાબો આપવાના દાવા સાથે જાહેરમાં પ્રવેશ્યા છે. મૂળ મુદ્દાઓ સાથે અપ્રસ્તુત બાબતોની ભેળસેળ કરવાપૂર્વક સોશિયલ મીડિયામાં પ્રચાર કરાવી રહ્યાં છે. વળી, તેઓ એવું જાહેર કરી રહ્યાં છે કે, તપાગચ્છીય એક તિથિ પક્ષની સર્વોચ્ચ ગણાતી પ્રવર સમિતિએ શત્રુંજય શ્રમણ સમિતિનું અધ્યક્ષપદ શાસનપ્રભાવક પૂ. આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિજી મ. સા. ને સોંપ્યું છે અને તેઓશ્રીના આદેશથી શત્રુંજય સંબંધી કાર્ય, અન્ય મહાત્માઓ અને પેઢી સાથે સંકલનમાં રહીને તેઓ (આ. શ્રી અજયસાગરસૂરિજી) સાડા ચાર વર્ષથી સંભાળી રહ્યાં છે. વળી, આ કેસની એફિડેવિટ વગેરે તેમણે તપાસીને મંજૂર



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



કરેલ છે. તેથી પેઢી નહીં પરંતુ તેઓ (આ. શ્રી અજયસાગરસૂરિજી) જ તેના ખુલાસાઓ આપશે, તેવા ભાવનો તેઓનો વ્યવહાર રહ્યો છે.

તેમજ અમુક સમય પહેલાં વડીલ આચાર્ય શ્રી વિજય શીલચંદ્રસૂરિજી મ. સા.એ મૂળ મુદ્દાઓને સ્પર્શ્યા વિના પ્રસ્તુત કેસની ચર્ચામાં પ્રવેશીને બારોબાર પેઢીની તરફેણ કરતાં, સમર્થન આપતાં, શ્રીસંઘના હિતમાં આડે આવતી પેઢીની ભૂલો દેખાડનાર દિગ્ગજ આચાર્યશ્રી નેમિસૂરિજીની પણ વાત નહીં સ્વીકારનાર-અર્થાપત્તિથી સંઘના હિતને પણ અવગણનાર પેઢી પ્રત્યે પક્ષપાત જાહેર કરતાં લખાણો સોશિયલ મીડિયામાં જાહેર કરાવ્યા છે. વળી, આચાર્ય શ્રી શીલચંદ્રસૂરિજી તપાગચ્છીય એક તિથિ પક્ષના મુખ્ય સલાહકાર તરીકે પ્રસિદ્ધ હોવાનું સંભળાય છે.

મૂળ પક્ષકાર સિવાયના વ્યક્તિઓનો જાહેર ચર્ચામાં પ્રવેશ થવા પર એક સ્પષ્ટીકરણ કરવું અત્યંત અનિવાર્ય બન્યું છે. સંઘ અને શાસનના હિતમાં લોકજાગૃતિ કે ક્ષતિ સુધારણા માટે જે કોઈપણ વિચારણા કે જાહેર વિધાનો કરાતાં હોય, તેમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા તરીકે ચતુર્વિધ સંઘના દરેક સભ્યોએ મર્યાદા જાળવવી અત્યંત જરૂરી છે. મન ફાવે તેમ નિરાધાર આક્ષેપો કરવા તે મર્યાદાહીનતા છે. ગંદા રાજકારણમાં પણ અમુક સભ્યતાના નિયમો પાળવા ફરજિયાત હોય છે. જ્યારે આ તો પવિત્ર ધર્મક્ષેત્ર છે. ત્યાં ગમે તેમ નિરાધાર આક્ષેપબાજી, તે પણ જાહેરમાં કેવી રીતે મંજૂર કરી શકાય ?

તા. 26 ઑક્ટોબર 2021 પછી થોડા જ સમયમાં જાહેર કરેલ વોટ્સએપ મેસેજમાં આચાર્ય શ્રી અજયસાગરસૂરિજી જણાવે છે કે,

> *'..... ઉપરાંત તેઓ ખરેખર કોના હિતમાં કામ કરી રહ્યા છે તે મુદ્દો પણ અમો તેઓના ધ્યાન ઉપર લાવ્યા હતા. દેખાવ શાસન તથા તીર્થ હિતનો કરે છે પણ વર્તનમાં ક્યારેક તપાગચ્છ વિરોધી અન્ય ગચ્છની ખોટી વાતોને સાચી ઠેરવે છે, ક્યાંક મૂર્તિપૂજક વિરોધીઓને જ્યાં તેમના કોઈ હક્ક નથી, તેઓને જે જોઈતા જ નથી તેવા તેમના હક્કો માટે તીર્થરક્ષાના નામે કોર્ટ કાર્યવાહી કરે છે. અમુક કેસોમાં તેઓ એ રીતે વર્તે છે કે જેથી દિગંબરોને બેઠો ફાયદો થાય, અને અત્યારે જે ઉપાડો લીધો છે તેમાં તો મૂળથી જ જે જિનશાસન વિરોધી છે તથા શત્રુંજય તીર્થ આખું પચાવી લેવાના કાવત્રા કરનારી જૈનોનું ખાઈને જૈનોનું ખોદનારી એક કુખ્યાત ટોળકી છે તે ટોળકીને સમર્થન મળે તે રીતની પ્રવૃત્તિ થઈ રહી છે.....'*

**અહીં કોઈપણ આધાર વિના જાહેરમાં શાસન પ્રત્યેની ગદ્દારીનો એક જવાબદાર ધર્માચાર્ય ઉપર અત્યંત નિમ્ન કક્ષાનો આક્ષેપ મૂક્યો છે.**

તેવી જ રીતે વડીલ આચાર્ય શ્રી શીલચંદ્રસૂરિજીએ વિ. સં. 2077, આસો સુદ 1ના રોજ જાહેર કરેલ હિન્દી પત્રમાં આ પ્રકારે શબ્દો મૂક્યાં છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



*'..... उन्हें पेढी को मिला यह विजय हजम नहीं हुआ, बल्कि गलत लगा है, अतः वे नाराज हैं। इन थोडे लोगों में साधु भी है, गृहस्थ भी। कपडे पहन रखे हैं, अतः साधु ही कहना पडेगा, अन्यथा तीर्थरक्षा पर नाराज होकर इस विजय को गलत बतानेवालों को साधु कैसे माना जाय? उन लोगों ने कुछ लिखापट्टी शुरू कर दी है, और उसका मीडिया में एवं सोश्यल मीडिया में प्रचार-प्रसार भी वे करने लगे हैं। वे लोग जो भी लिखते हैं वह ऐसा है कि उसमें लिखे गये मुद्दों से जैन संघ व तीर्थ के (जो पराजित हुए हैं) विरोधियों को ही बल मिल सकता है, और उनका पक्ष प्रबल व हमारा पक्ष जरा शिथिल बन सकता है। शायद इन लोगों की यही मुराद भी है, ऐसा लग रहा है..... '*

**અર્થાત્ એક ધર્માચાર્ય અને તેમના શ્રમણ સમુદાય ઉપર માત્ર કપડાં પહેરેલા સાધુ હોવાનો અને શાસનદ્રોહી હોવાનો કનિષ્ઠ આક્ષેપ જાહેર કર્યો છે.**

**અહીં પ્રવરસમિતિના પૂજ્ય આચાર્ય ભગવંતોનું કર્તવ્ય બને છે કે, ઉપરોક્ત આચાર્યશ્રીઓએ કરેલ શાસનદ્રોહી અથવા તો માત્ર કપડાધારી સાધુ હોવાનો આક્ષેપ સમગ્ર સંઘને એકઠો કરી, ઉભયપક્ષ માન્ય તટસ્થ સમિતિ નીમીને પ્રામાણિકતાથી – આધારોપૂર્વક પુરવાર કરાવીને કડકમાં કડક દંડ મને અપાવવો. અથવા તો જો તે વિધાનો નિરાધાર પુરવાર થાય તો તે આક્ષેપો પાછા ખેંચાવડાવી જાહેરમાં મિચ્છા મિ દુક્કડમ્ અપાવવું પડશે.**

જ્યાં સુધી આ ન થાય ત્યાં સુધી આવા નિમ્ન સ્તર ઉપર જનારા સાથે અમારે કોઈ વાત કરવાની રહેતી નથી.

અમારા આ વલણને આચાર્યશ્રી શીલચંદ્રસૂરિજીના પત્રમાંથી જ સમર્થન મળે છે. ચાલુ મહિનાના પ્રથમ દિવસે તેમણે લખેલ પત્રના શબ્દો જુઓ –

'.....જ્યારે કોઈ યુક્તિ કે વાજબી વાત ન હોય ત્યારે માણસ અસંગત પ્રલાપો કરે છે; હીન શબ્દો આમતેમ ફંગોળે છે. વિતંડા, કુતર્ક અને અસભ્યતા આવી જ પ્રવૃત્તિમાં જડે.

શાણો માણસ આનાથી દૂર રહે, અને પોતાની ખાનદાનીને જાળવી રાખે, એ જ એનું ઉચિત કૃત્ય ગણાય......'

**સાથે, મારા માર્ગદર્શનની અપેક્ષા રાખનાર સર્વે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને ખાસ આજ્ઞા કરું છું કે, ઉપરોક્ત પરિસ્થિતિનું નિરાકરણ ન થાય ત્યાં સુધી 30 જાન્યુઆરી, 2022ના રોજ પ્રેરણાતીર્થ, અમદાવાદ ખાતે યોજાયેલ 'અસત્ય કે સામને સત્ય કા પ્રકાશ' સભામાં જઈને કે આગળ પણ બીજી કોઈ રીતે ખુલાસા પૂછવાનું, નિરાકરણ મેળવવાનું કે ચર્ચા કરવાનું તેઓની સાથે રહેતું નથી, તેનું સૌએ ધ્યાન રાખવું.**

દ. ગ. આ. વિજયયુગભૂષણસૂરિ

**(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**